


**જ્યારે ખાસ પળો અને ઉત્સવોની વાત આવે ત્યારે ડાયનિંગ રૂમનું એમ્બિયન્સ આનંદદાયક માહોલ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉત્સવોના અવસરથી માંડી અંતરંગ ડિનર સુધી ડાયનિંગ ટેબલની યોગ્ય સજાવટ સાધારણ સાંજને અસાધારણ યાદોમાં બદલી શકે છે**

# ડાયનિંગ ટેબલ ડેકોર આઈડિયાઝ

તમારા ઘરમાં સૌથી સ્પેશ્યલ જગ્યા કઈ છે જ્યાં તમે તમારા પ્રિયજન સાથે વિતાવેલી યાદોને સાચવી શકો છો- કાયમી સંભારણું બનાવી શકો છો? તેનો જવાબ છે તમારો ડાયનિંગ રૂમ. જમતી વખતે, ખાતી વખતે વાતચીત કરવી અને મજેદાર યાદો શેર કરવી કંઈક એવું છે જે આપણા દિલમાં ખાસ જગ્યા રાખે છે અને એક આકર્ષક ડાઈનિંગ રૂમ સાધારણ ભોજનને અસાધારણ અનુભવમાં બદલવા માટે મહત્ત્વપૂર્ણ છે.

જ્યારે ખાસ પળો અને ઉત્સવોની વાત આવે ત્યારે ડાયનિંગ રૂમનું એમ્બિયન્સ આનંદદાયક માહોલ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉત્સવોના અવસરથી માંડી અંતરંગ ડિનર સુધી ડાયનિંગ ટેબલની યોગ્ય સજાવટ સાધારણ સાંજને અસાધારણ યાદોમાં બદલી શકે છે.

આવો જાણીએ તમારી ખાસ ક્ષણોને કાયમી સંભારણામાં બદલવા માટે ટેબલ ડેકોરની ટિપ્સ...

ટેબલખુરશી સિવાય ડાયનિંગ રૂમમાં બીજું ખાસ કંઈ હોતું નથી. હા, ડિનરવેર ડિસપ્લે કેબિનેટ હોઈ શકે છે પરંતુ ટેબલ જ સૌથી મોટું આકર્ષણ છે એ વાત સાથે બધાં સંમત હશે જ. રૂમમાં પ્રવેશતાં જ બધાંની પહેલી નજર એના પર જ પડે છે એટલે એને સારી રીતે સજાવવું જરૂરી છે.



## ટેબલક્લોથ સાથે એકસરખું કલર મેચિંગ

જે લોકો પોતાના આખા ઘરમાં એકસરખો સજાવટ થીમ પસંદ કરે છે તેમને માટે ડાયનિંગ ટેબલ ડેકોર પસંદ કરવું આસાન બની જાય છે. ટેબલરનર્સ, સેન્ટર પીસીસ અને ડિનરવેર જેવી વસ્તુઓ એવી પસંદ કરો જે તમારી મૂળ કલર સ્કીમ અને ઓવર ઓલ ડેકોર સ્ટાઈલ સાથે મેચ થાય. વધુ પડતાં કલર્સ ઉમેરવાથી તમારો ડાયનિંગ રૂમ ખરાબ લાગશે.

ટેબલક્લોથ તમારી દીવાલના રંગ સાથે મેળ ખાતો પસંદ કરો. એ એલિગન્ટ ટચ તો આપશે જ પરંતુ તમારી ડાયનિંગ સ્પેસમાં સ્વાગત કરતો માહોલ પણ બનાવે છે.

## ટેબલરનર

તમારા સપનાની ટેબલ સ્પેસ બનાવતી વખતે ટેબલ ડેકોરના કેન્દ્રબિંદુ માટે સમજીવિચારી પસંદ કરેલા રનર પર ધ્યાન આપો. તમારા ટેબલક્લોથના કોઈ પણ એક રંગ સાથે મેળ ખાતું ટેબલરનર પસંદ કરો.

## ઝુમ્મર

એક એક્સેન્ટ ઝુમર મૂકી તમારા ડાયનિંગ ટેબલના માહોલને બહેતર બનાવો. ગ્લેમર, મોડર્ન અભિરૂચિ કે રસ્ટિક ચાર્મનો ટચ આપતાં ઝુમ્મર સહેલાઈથી ડાયનિંગ રૂમને નિખારે છે. ઝુમ્મરને ફોકલ પોઈન્ટ બનાવવા માટે ટેબલ ડેકોર સિમ્પલ જ રાખો જેથી ઝુમ્મર શાઈન થાય. ડાયનિંગ રૂમ માટે સિંગલ પેન્ડન્ટ હેગિંગ ઝુમ્મર પસંદ કરી શકાય. તેની મોડર્ન ડિઝાઈન માત્ર આકર્ષણ જ એડ કરતી નથી પરંતુ તમારી ડાયનિંગ સ્પેસને ભવ્ય અને આમંત્રિત સ્વર્ગમાં પણ પરિવર્તિત કરે છે.

## ફ્લોરલ સેન્ટર પીસ

તમારી પસંદગીના ફ્લાવર વાઝ અને કન્ટેનરમાં ફૂલો અરેન્જ કરી ડાયનિંગ ટેબલની શોભા વધારો. ફૂલોની દાંડીઓને કાપીને અલગ અલગ ઊંચાઈએ ગોઠવી શકાય. આકર્ષક સેન્ટર પીસ તરીકે કેન્દ્રમાં ગ્રુપમાં અરેન્જ થયા હોય કે લંબચોરસ ટેબલ પર લાઈનમાં ગોઠવાયેલાં હોય- ફૂલ તરત જ ભોજનના અનુભવને યાદગાર બનાવી દે છે.

ફ્લાવર્સ માત્ર ઘરની અંદર પ્રાકૃતિક સુંદરતા જ નથી લાવતા પરંતુ ડાયનિંગ રૂમમાં તાજગી અને આકર્ષણ પણ લાવે છે. એ સમગ્ર માહોલને ખુશનુમા બનાવી દે છે.

## સર્વિંગ સ્ટાઈલ

ડિનર સર્વ કરવા અને ભોજન માટેની ક્રોકરી ફાઈન બોન ચાઈના, પોર્સેલિન અને માટી જેવા વિભિન્ન મટીરિયલ્સની આવે છે. એમાંથી સિરામિક ક્રોકરીનો સામાન્ય રીતે વધુ ઉપયોગ થાય છે. એની વિશેષતા અપારદર્શી, ટકાઉપણું અને રસ્ટિક એસ્થેટિક છે. કેઝ્યુઅલ ડિનર માટે એ વધુ યોગ્ય છે.

સદાબહાર અને સોફેસ્ટિકેટેડ વ્હાઈટ ડિનર સેટ બધાની પસંદ છે. વ્હાઈટ ડિનર સેટ કરન્ટ ટ્રેન્ડમાં છે. એ ટેબલ પર વિતાવેલી દરેક ક્ષણને સ્પેશ્યલ બનાવી ભોજનના અનુભવને ઉન્નત બનાવે છે.

## પડદા

પડદામાં અનેક વિકલ્પો હોવાથી એકદમ યોગ્ય પસંદગી કરવી પડકારજનક હોઈ શકે છે. ડાયનિંગ રૂમના પડદા એક કાલાતીત ડેકોર વિકલ્પ તરીકે સામે આવે છે જે આસપાસના વાતાવરણને નિખારે છે. જો તમને મોનોક્રોમ સ્ટાઈલ પસંદ હોય પરંતુ પડદાનો કલર દીવાલના કલર સાથે મેચ કરવા ઈચ્છતાં ન હો તો સ્ટાઈલિશ કોન્ટ્રાસ્ટ માટે સાધારણ લાઈટ અથવા જાડું ફેબ્રિક પસંદ કરો.

## ડિનરસેટને અનુરૂપ કટલરી

યોગ્ય કટલરી સેટ પસંદ કરવાથી તમારા ભોજનના અનુભવમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. તમારું ટેબલ સેટિંગ પણ આકર્ષક બની શકે છે. બેઝિક કટલરી સેટમાં ખાસ કરીને કાંટા, ચમચી અને ચપ્પુનો સમાવેશ થાય છે પરંતુ તમને વધારાના સૂપ સ્પૂન અને સલાડ કાંટાની જરૂર પણ પડી શકે છે. કટલરી તમારા ડિનર સેટ સાથે મેચ થાય છે કે નહિ એ જોવું પણ જરૂરી છે.

તમારી ડાયનિંગ સ્પેસને ખાસ પળો માટે યાદગાર બનાવવાનું સમજીવિચારીને પસંદ કરાયેલા વિકલ્પો અને સજાવટ પર આધાર રાખે છે. એક સદાબહાર વ્હાઈટ ડિનર સેટથી લઈને કાળજીવૂર્વક પસંદ કરેલા ટેબલ રનર જેવી દરેક વસ્તુ એક વેલકમિંગ માહોલ બનાવવામાં યોગદાન આપે છે.

